પેજ3

## અરબાઝ-શૂરાની પુત્રી સિપારાનો પહેલો બર્થ-ડે: આખા ખાન પરિવારે કરી ખાસ ઉજવણી



મુંબઈ, તા. 6: અરબાઝ ખાન અને શૂરા ખાનની પુત્રી સિપારા ખાનનો સોમવારે પહેલો જન્મદિવસ ઉજવવામાં આવ્યો હતો. મુંબઈ સ્થિત ઘર પર બર્થ-ડે સેલિબ્રેશનમાં ખાન પરિવારના ઘણા સભ્યો સામેલ થયા હતા. સલીમ ખાન, સલમાન ખાન, સોહેલ ખાન અને અન્ય લોકો અરબાઝના ઘરે પહોંચ્યા હતા. સામે આવેલા વીડિયોમાં સલીમ ખાન કારથી અરબાઝના ઘરે પહોંચતા જોવા મળ્યા. તેમની સાથે તેમનાં પત્ની સલમા ખાન પણ હતાં. પછીથી સલીમ ખાન સોહેલ ખાન સાથે ઘરની બહાર નીકળ્યા. સોહેલ તેમને કાર સુધી ચાલવામાં મદદ કરતો જોવા મળ્યો હતો. હેલન પણ તેમની સાથે હતાં.

## મહારાષ્ટ્ર સાયબર સમક્ષ હાજર ન થતાં હની સિંહની મુશ્કેલી વધી



મુંબઈ, તા. 6: રેપર અને સિંગર હની સિંહ સોમવારે મહારાષ્ટ્ર સાયબર પોલીસ સમક્ષ હાજર થયો ન હતો. તેમને દિલ્હીમાં કોન્સર્ટ દરમિયાન કથિત વાંધાજનક ટિપ્પણીના મામલામાં પૂછપરછ માટે બોલાવવામાં આવ્યો હતો. રિપોર્ટ અનુસાર, મહારાષ્ટ્ર સાયબરના એક અધિકારીએ જણાવ્યું કે, હની સિંહે તપાસ અધિકારી સમક્ષ હાજર થવા માટે વધુ સમય માગ્યો છે. સાયબર પોલીસ હવે કોર્ટમાંથી ધરપકડ વોરન્ટ માગશે અને તેમના વિરુદ્ધ લૂક-આઉટ સર્ક્યુલર (એલઓસી) જારી કરવાની પ્રક્રિયા શરૂ કરશે. આ મામલો દિલ્હીના કોન્સર્ટના એક વાયરલ વીડિયો સાથે જોડાયેલો છે, જેમાં હની સિંહ ગાડીઓમાં શારીરિક સંબંધ બાંધવાનો અશ્લીલ સંદર્ભ આપતા જોવા મળ્યો હતો.

## સોનાક્ષી-શાહિદ કપૂરના પૂર્વ ડ્રાઈવરના ફેમસ 'સુરજ લામા મોમોઝ' પર FDAની ગાજ: લાઈસન્સ સસ્પેન્ડ




મુંબઈ, તા. 6 :તુકારામ મુંડેની આગેવાની હેઠળના મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (એફડીએ) દ્વારા તહેવારોની મોસમમાં દબાણ હટાવવાની સઘન ઝુંબેશના ભાગરૂપે સોમવારે વધુ આઠ ખાણીપીણીના સ્થળોનાં લાઇસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યાં છે. આ આઉટલેટ્સમાં મુંબઈની સૌથી લોકપ્રિય મોમોઝની દુકાનો પૈકીની એક એવી 'સુરજ લામા મોમોઝ'ની અંધેરી વેસ્ટ સ્થિત ઓરિજિનલ બ્રાન્ચ પણ સામેલ છે, જેના માલિકના બોલિવૂડ સાથે એક રસપ્રદ સંબંધ છે. સુરજ લામા શાહિદ કપૂર અને સોનાક્ષી સિંહાનો ડ્રાઇવર હતો. રોજગારી મેળવવા માટે દાર્જિલિંગના તેમના વતન ગામ 'મિરિક'ને છોડીને સુરજ લામા ૧૪ વર્ષની ઉંમરે મુંબઈ આવી ગયા હતા.

## યુક્રેને રશિયા પર લગભગ 900 ડ્રોન છોડ્યા

**કીવ** મોટા હવાઈ હુમલાની તૈયારી કરી રહ્યું છે

કીવ, તા. 6 (AP) મોસ્કોમાં સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે, રશિયાની એર ડિફેન્સ સિસ્ટમે મંગળવારે રાતભર દેશના અનેક પ્રદેશો તેમ જ કબજા હેઠળના ક્રિમિયન દ્વીપકલ્પ અને અઝોવ સમુદ્ર પર યુક્રેનના લગભગ 900 ડ્રોનને તોડી પાડ્યા હતા.

પુષ્ટિ કર્યા વગરના મીડિયા અહેવાલોમાં જણાવાયું છે કે, હુમલા પછી મોસ્કો પ્રદેશમાં એક મોટા ઈંધણ ડેપોમાં આગ ફાટી નીકળી હતી, જેમાં બે લોકોનાં મોત થયાં હતાં.

યુક્રેનના સ્વદેશી રીતે વિકસિત લાંબા અંતરના ડ્રોન અને તેજીથી વધતી મિસાઇલ ક્ષમતાઓએ કીવને રશિયન જમીન પર હુમલા કરવામાં સક્ષમ બનાવ્યું છે. મોસ્કોના દળો દ્વારા પૂર્ણ-પાયે આક્રમણ શરૂ થયાના 4.5 વર્ષથી વધુ સમય દરમિયાન યુક્રેને યુરલ્સ અને સાઇબેરીયા સુધીના લક્ષ્યોને નિશાન બનાવ્યા છે.

યુદ્ધ દરમિયાન રશિયન લશ્કરની મોટી હવાઈ સર્વોપરતાએ યુક્રેનના નાગરિક વિસ્તારો પર હવાઈ હુમલાઓને નિયમિત બનાવી દીધા છે. યુક્રેનિયન અધિકારીઓ હવે રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સ્કી દ્વારા મંગળવારે ચેતવણી આપવામાં આવેલા આગામી મોટા હવાઈ હુમલા સામે તૈયારી કરી રહ્યા છે.

ઝેલેન્સ્કીએ સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું કે, "આજે, અમને મોટા હુમલા માટે રશિયાની તૈયારીઓ વિશે અપડેટ કરેલી ગુપ્ત માહિતી મળી છે. અમે જવાબી પગલાં તૈયાર કરી રહ્યા છીએ." "અમે મોટા ભાગના કાર્યો માટે સમયમર્યાદા નક્કી કરી છે અને સૌથી વધુ પ્રાથમિકતા વાળા કાર્યો પહેલેથી જ અમલમાં મૂકવામાં આવી રહ્યા છે."



# સ્પેનમાં રહેઠાણ સંકટથી આક્રોશ: બાર્સેલોનામાં 1.20 લાખ લોકો રસ્તા પર

**બાર્સેલોનાની** શેરીઓમાં ભારે હિંસા અને પથ્થરમારો

બાર્સિલોના, તા. 6: સ્પેનમાં વકરતા રહેઠાણ સંકટ વચ્ચે બાર્સેલોનાની શેરીઓમાં વિરોધ પ્રદર્શનોએ હિંસક રૂપ ધારણ કર્યું છે. સંસદમાં ઈમરજન્સી હાઉસિંગ બિલ નિષ્ફળ જતાં સ્પેનના સમાજવાદી વડા પ્રધાન પેડ્રો સાંચેઝે મુદતપૂર્વકની સામાન્ય ચૂંટણીઓની જાહેરાત કરી છે. તાજેતરમાં મેડ્રિડમાં 87 વર્ષીય વૃદ્ધા મારીકારમેન અબાસ્કલના મકાન ખાલી કરાવવાની ઘટના બાદ દેશભરમાં જનઆક્રોશ ફાટી નીકળ્યો હતો, જેમાં એરબીએનબી ભાડાં અને મોંઘવારી મુખ્ય મુદ્દો બન્યા છે.

બાર્સેલોનાના ઉર્કિનાઓના ચોક ખાતે આયોજિત માર્ચમાં આશરે 1.20 લાખ પ્રદર્શનકારીઓ જોડાયા હતા. રાત્રે સ્થિતિ વણસતાં માસ્ક પહેરેલા અસામાજિક તત્વોએ રસ્તાઓ પર કચરાપેટીઓ સળગાવી બેરિકેડ્સ બનાવ્યા હતા અને પોલીસ પર પથ્થરો, બોટલો તથા ફટાકડા ફેંક્યા હતા. આ હિંસક અથડામણમાં લગભગ 30 પોલીસ અધિકારીઓ ઘાયલ થયા છે અને એક સગીર સહિત 13 લોકોની ધરપકડ કરવામાં આવી છે. આ અગાઉ વેલેન્સિયામાં પણ આવા જ હિંસક દેખાવો થયા હતા, જ્યારે મેડ્રિડના સોલ સ્ક્વેરમાં સક્રિય કાર્યકર્તાઓએ તંબુ બાંધીને ધામા નાખ્યા છે.

# સાઉદીના રક્ષણ માટે પાકિસ્તાન અને તુર્કીયે સૈન્ય મોકલવા સંમત

**હૂથી** હુમલાઓ વચ્ચે 'મક્કા એલાયન્સ' એક્શનમાં

**રિયાધમાં** યોજાયેલી બેઠકમાં પાકિસ્તાનના આર્મી ચીફ અસીમ મુનીર અને સંરક્ષણ મંત્રી ઉપસ્થિત રહ્યા

પાકિસ્તાન અને તુર્કીયે સાઉદીમાં તેમના સૈન્ય દળો અને સૈન્ય ક્ષમતાઓને તાત્કાલિક તૈનાત કરવા સંમતિ દર્શાવી

**હાલમાં** પાકિસ્તાન અને તુર્કીયે જાસૂસી અને રિકોનિસન્સ સપોર્ટ આપી રહ્યા છે

ઈસ્લામાબાદ, તા. 6 (પીટીઆઈ): સાઉદી અરેબિયા પર હુથી બળવાખોરોના સતત થઈ રહેલા હુમલાઓના જવાબમાં પાકિસ્તાન, સાઉદી અરેબિયા અને તુર્કીયે પોતાના ત્રિપક્ષીય સંરક્ષણ કરારનો તાત્કાલિક અમલ કરવા સંમતિ દર્શાવી છે.

રિયાધ ખાતે યોજાયેલી 'મક્કા એલાયન્સ ફોર ડિફેન્સ'ની સ્ટીયરિંગ પોલિટિકલ એન્ડ ડિફેન્સ કમિટી (એસપીડીસી)ની કટોકટીની બેઠકમાં ત્રણેય દેશોએ સંયુક્ત સૈન્ય દળો અને ક્ષમતાઓની ઝડપી તૈનાતી સુનિશ્ચિત કરવાનો નિર્ણય લીધો હતો.

ઓગસ્ટ માસમાં પાકિસ્તાન, સાઉદી અરેબિયા અને તુર્કીયે વચ્ચે થયેલા આ ઐતિહાસિક સંરક્ષણ કરાર અનુસાર, ત્રણેયમાંથી કોઈ પણ એક દેશ પર થતો સશસ્ત્ર હુમલો ત્રણેય દેશો પરનો હુમલો ગણવામાં આવશે. સોમવારે રિયાધમાં યોજાયેલી આ બેઠકમાં પાકિસ્તાન તરફથી નાયબ વડા પ્રધાન ઈશાક દાર, સંરક્ષણ મંત્રી ખવાજા આસિફ અને આર્મી ચીફ ફિલ્ડ માર્શલ અસીમ મુનીર ઉપસ્થિત રહ્યા હતા. બેઠક બાદ જાહેર કરાયેલા સંયુક્ત નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ત્રણેય દેશોની સુરક્ષા એકબીજા સાથે જોડાયેલી છે અને તેઓ સામૂહિક સુરક્ષા માટે પ્રતિબદ્ધ છે.

પાકિસ્તાન અને તુર્કીયે સાઉદી અરેબિયામાં તેમના સૈન્ય દળો અને સૈન્ય ક્ષમતાઓને તાત્કાલિક ધોરણે પહોંચાડવા અને તૈનાત કરવા સંમતિ દર્શાવી છે. જોકે સંયુક્ત નિવેદનમાં આ સૈન્ય દળોની સંખ્યા કે તેમની તૈનાતીના ચોક્કસ સમયપત્રક અંગે કોઈ વિગત આપવામાં આવી નથી.

સંયુક્ત નિવેદનમાં હુથી બળવાખોરોના નામનો સીધો ઉલ્લેખ નથી કરાયો, પરંતુ આ સમગ્ર ઘટનાક્રમ સાઉદી અરેબિયા પર થઈ રહેલા હુથી હુમલાઓની પૃષ્ઠભૂમિમાં જ થયો છે.

પાકિસ્તાનના સંરક્ષણ મંત્રી ખ્વાજા આસિફના જણાવ્યા અનુસાર, હાલમાં પાકિસ્તાની અને તુર્કીયે સૈન્ય જાસૂસી અને સહાયક ભૂમિકા ભજવી રહ્યું છે, જ્યારે પ્રત્યક્ષ સૈન્ય કાર્યવાહી સાઉદી દળો દ્વારા કરવામાં આવી રહી છે. ત્રણેય દેશોએ સાઉદી અરેબિયાના પવિત્ર મક્કા અને મદીના પરના હુમલાના પ્રયાસો તેમજ નાગરિક અને આર્થિક સ્થાપત્યો પરના હુમલાઓની સખત શબ્દોમાં ટીકા કરી હતી.

આ ગઠબંધનના વહીવટી સંચાલન માટે પાકિસ્તાનના નિવૃત્ત જનરલ નોમાન મહમૂદની ત્રણ વર્ષ માટે પ્રથમ સેક્રેટરી-જનરલ તરીકે નિમણૂક કરવામાં આવી છે. યમનમાં સાઉદી આગેવાની હેઠળના ગઠબંધને હુથી બળવાખોરો સામે મોટા પાયે સૈન્ય અભિયાન શરૂ કર્યું છે ત્યારે આ મહત્વપૂર્ણ ઘટનાક્રમ સામે આવ્યો છે.

# રાષ્ટ્રપતિ ભવનમાં સ્વિસ પ્રમુખને કાશ્મીર અને લડાખની વાનગીઓ પીરસાઈ

**રાષ્ટ્રપતિ** મુર્મુ દ્વારા આયોજિત ડિનરમાં લડાખની યાક ચીઝ, જંગલી નેટલ સૂપ અને કાશ્મીરી 'હાખ' તથા 'શુફ્તા' અને 'નદુર કબાબ'થી લઈને 'કાહવા' સુધીની વાનગીઓની રમઝટ

નવી દિલ્હી, તા. 6 (પીટીઆઈ): રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા સ્વિટ્ઝર્લેન્ડના રાષ્ટ્રપતિ ગાય પાર્મેલિન અને તેમના પત્ની કેરોલિન પાર્મેલિન માટે રાષ્ટ્રપતિ ભવન ખાતે આયોજિત રાત્રિભોજનમાં જમ્મુ-કાશ્મીર અને લડાખની પ્રસિદ્ધ વાનગીઓ પીરસવામાં આવી હતી. સ્વિસ આલ્પ્સ અને હિમાલય ક્ષેત્ર વચ્ચેની સમાનતાને ધ્યાનમાં રાખીને, આ મેનૂમાં 'નદુર કબાબ', 'હાખ', 'ફેમર' અને 'કાહવા' જેવા સ્વાદિષ્ટ પરંપરાગત વ્યંજનોનો સમાવેશ કરાયો હતો.

ડિનર મેનૂમાં લડાખના ઊંચા ઉચ્ચપ્રદેશોની સિબકથોર્ન, જરદાળુ, જંગલી નેટલ, યાક ચીઝ (છુર્પી) અને જવ તેમજ કાશ્મીર ખીણના કેસર, ગુચ્છી, કમળકાકડી અને જમ્મુની વિશિષ્ટ મિઠાઈઓ અને સ્ટ્રીટ ફુડ સંસ્કૃતિને સ્થાન અપાયું હતું. ભોજનની શરૂઆતમાં લડાખી નેટલ સૂપ 'ઝા થુક' અને જમ્મુની 'કિમબ ચાર્ટ' અને 'નદુર કબાબ' જેવી વાનગીઓ પીરસાઈ હતી. મુખ્ય ભોજનમાં કાશ્મીરી 'હાખ', 'દમ આલુ' અને 'કાના ગુચ્છી પુલાવ'નો સમાવેશ થતો હતો. ડેઝર્ટ તરીકે 'શુફ્તા' અને જવ તથા ગોળમાંથી બનેલી લડાખી વાનગી 'ફેમર' પીરસવામાં આવી હતી. ઉપસ્થિત મહેમાનોએ 'કાહવા' અને લડાખી બટર ટી 'ગુર ગુર ચાઈ'નો આસ્વાદ માણ્યો હતો.

પોતાના સંબોધનમાં રાષ્ટ્રપતિ મુર્મુએ ભારત અને સ્વિટ્ઝર્લેન્ડ વચ્ચે મુક્ત વેપાર કરાર (ઈએફટીએ-ટીઈપીએ) બાદ દ્વિપક્ષીય વેપાર વધવાની આશા વ્યક્ત કરી હતી. ત્રણ દિવસની ભારત મુલાકાતે આવેલા સ્વિસ પ્રમુખ અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચેની વાટાઘાટો બાદ બંને દેશો વચ્ચે માઈગ્રેશન અને મોબિલિટી ભાગીદારી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

# ટ્રમ્પ બેકફૂટ પર: પોતાની જાહેરાતો માટે હવે સરકારી ફંડ નહીં વપરાય

**હવે** સરકારી તિજોરીને બદલે પોતાના સુપર પીએસીમાંથી આવી જાહેરાતોનો ખર્ચ ચૂકવશે

**જાહેરાતો** માટે કરદાતાઓના આશરે રૂ. 12.5 કરોડ વાપરવા બદલ ટ્રમ્પની ભારે ટીકા થઈ હતી

વોશિંગ્ટન, તા. 6 (એપી): અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી છે કે તેઓ પોતાના વખાણ કરતી વિવાદિત ટીવી જાહેરાતો માટે સરકારી નાણાંનો ઉપયોગ કરવાનું બંધ કરશે અને હવેથી તેનો ખર્ચ તેમના સુપર પીએસી (એમએજીએ, ઈન્ક.) દ્વારા ચૂકવવામાં આવશે.

આ જાહેરાતો માટે કરદાતાઓના ઓછામાં ઓછા 1.5 મિલિયન ડોલર (આશરે રૂ. 12.5 કરોડ) વાપરવા બદલ ભારે વિરોધ અને ટીકાઓનો સામનો કરવો પડ્યો હતો. ટ્રમ્પે પોતાની સોશિયલ મીડિયા પોસ્ટમાં આ જાહેરાતોનો બચાવ કરતા તેને 'મહાન અમેરિકાનો સકારાત્મક પ્રચાર' ગણાવ્યો હતો અને આક્ષેપ કર્યો હતો કે ડાબેરી વિચારધારા ધરાવતા લોકો કારણ વગર વિવાદ ઊભો કરી રહ્યા છે.

તેમણે સ્પષ્ટ કર્યું કે તેઓ આ દેશભક્તિપૂર્ણ જાહેરાતો ચાલુ રાખશે, પરંતુ તેનો ખર્ચ પોતાના રાજકીય ભંડોળમાંથી આપશે. ટ્રમ્પના આ નિર્ણય છતાં, અગાઉ પ્રસારિત થયેલી જાહેરાતોનો ખર્ચ સરકારી તિજોરીમાં જમા કરાવવામાં આવશે કે નહીં તે અંગે વ્હાઈટ હાઉસે કોઈ સ્પષ્ટતા કરી નથી.

બીજી તરફ, કાનૂની નિષ્ણાતોના મતે સરકારી ફંડનો ઉપયોગ કરીને પોતાની પ્રચાર લક્ષી જાહેરાતો દર્શાવવી એ કેન્દ્રીય કાયદા અને સરકારી કર્મચારીઓની રાજકીય પ્રવૃત્તિઓ પરના નિયંત્રણોનો ભંગ હોઈ શકે છે.

સપ્ટેમ્બરના અંતથી શરૂ થયેલી આ જાહેરાતોમાં સામ્યવાદ સામે લડાઈ, કરકાપ, અમેરિકી ઉત્પાદન અને 'વૈશ્વિકવાદીઓ' અને 'યુદ્ધખોરો' સામે આખરી જંગ જેવા મુદ્દાઓ આવરી લેવાયા હતા અને તેના અંતે 'પેઈડ ફોર બાય યુ.એસ. ગવર્નમેન્ટ' લખેલું આવતું હતું. વિરોધ પક્ષો ઉપરાંત ખુદ રિપબ્લિકન પાર્ટીના કેટલાક નેતાઓએ પણ આ પગલાંની આકરી ટીકા કરી હતી.

# બ્રિટનમાં 1,295 કિલોનું કોળું ઉગાડીને વૃદ્ધે રચ્યો વર્લ્ડરેકોર્ડ




**માદા** જળઘોડા જેટલું વજન ધરાવતા પમ્પકિને સૌને અચરજમાં મૂક્યા

**ભારે** મશીનરીની મદદથી જ કોળાને સુરક્ષિત રીતે ઊંચકીને વાહનમાં લોડ કરવામાં આવ્યુ

લંડન, તા. 6: બ્રિટનના 65 વર્ષીય ઈયાન પેટને સૌથી મોટો કોળું (પમ્પકીન) ઉગાડીને ફરી એકવાર નવો વર્લ્ડ રેકોર્ડ સર્જ્યો છે. ઈંગ્લેન્ડના બર્કશાયરમાં આવેલી વોરગ્રેવ નર્સરી ખાતે આયોજિત 'જાયન્ટ પમ્પકિન વેઈ-ઓફ' સ્પર્ધામાં આ રેકોર્ડ નોંધાયો હતો. આ વિશાળ કોળાનું વજન 2,856.8 પાઉન્ડ (1,295.8 કિલોગ્રામ) નોંધાયું હતું, જે સામાન્ય રીતે માદા જળઘોડા (ફીમેલ હિપ્પો) જેટલું વજન ધરાવે છે.

હેમ્પશાયરના લાયમિંગ્ટનના રહેવાસી ઈયાન પેટને દરરોજ 5થી 6 કલાકની સખત મહેનતથી આ કોળું ઉછેર્યું હતું, જે પ્રતિદિન 40 સેમી જેટલું વધતું હતું. વિશ્વના ત્રણ સૌથી વજનદાર કોળા ઉગાડવાનો રેકોર્ડ પણ ઈયાનના નામે જ છે.

1,295.8 કિલોગ્રામ વજન ધરાવતા આ કોળાને સામાન્ય રીતે ઊંચકી શકાય તેમ નહોતું. આથી તેને ખેતર કે નર્સરીમાંથી ઉપાડવા માટે ભારે ઈન્ડસ્ટ્રિયલ 'ટેલિહેન્ડલર' (હેવી લિફ્ટિંગ મશીન/ક્રેન)નો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

ઈયાન પેટને જણાવ્યું કે જ્યારે તેમણે ટેલિહેન્ડલર વડે આ કોળું ઊંચક્યું, ત્યારે કોળું એટલું બધું ભારે હતું કે મશીન ઓવરલોડ થવાના કારણે તેની તમામ વોર્નિંગ લાઈટો ક્રિસમસ ટ્રીની જેમ ઝળહળી ઉઠી હતી.

આ ભારે મશીનરીની મદદથી જ કોળાને સુરક્ષિત રીતે ઊંચકીને વાહનમાં લોડ કરવામાં આવ્યું હતું અને ત્યારબાદ બર્કશાયર ખાતે સ્પર્ધા સ્થળે લાવવામાં આવ્યું હતું.

# પાકિસ્તાને ફતેહ-4 ક્રૂઝ મિસાઈલના એડવાન્સ વર્ઝનનું સફળ પરીક્ષણ કર્યું

ઈસ્લામાબાદ, તા. 6 (PTI): પાકિસ્તાને મંગળવારે લાંબા અંતરના લક્ષ્યોને ઉચ્ચ ચોકસાઈ સાથે ભેદવામાં સક્ષમ એવા સ્વદેશી રીતે વિકસિત ફતેહ-4 ગ્રાઉન્ડ-લૉન્ચ ક્રૂઝ મિસાઈલના એડવાન્સ વર્ઝનનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું હતું. એમ લશ્કરે જણાવ્યું હતું.

લશ્કરે જણાવ્યું હતું કે, "અદ્યતન એવિઓનિક્સ અને અત્યાધુનિક નેવિગેશનલ સિસ્ટમથી સજ્જ આ હથિયાર સિસ્ટમ વિસ્તૃત રેન્જ પર ઉચ્ચ ચોકસાઈ અને ઘાતકતા સાથે લક્ષ્યોને ભેદવા માટે સક્ષમ છે."

લશ્કરે જણાવ્યું હતું કે, આ પરીક્ષણથી સુધારેલી ચોકસાઈ અને વધેલા ટકાઉપણું માટે સામેલ કરવામાં આવેલી વિવિધ સબ-સિસ્ટમ્સના વધારાના તક્નિકી પરિમાણોની પુષ્ટિ થઈ છે.

લશ્કરે ઉમેર્યું હતું કે, આ લૉન્ચિંગ વખતે પાકિસ્તાન આર્મીના વરિષ્ઠ અધિકારીઓ તેમ જ તેને વિકસિત કરનાર એજન્સીના વૈજ્ઞાનિકો અને ઈજનેરો હાજર રહ્યા હતા.

પ્રમુખ આસિફ અલી ઝરદારી, વડા પ્રધાન શહબાઝ શરીફ, ચીફ ઓફ આર્મી સ્ટાફ એન્ડ ચીફ ઓફ ડિફેન્સ ફોર્સિસ ફિલ્ડ માર્શલ અસિમ મુનીર અને સેવાઓના વડાઓએ મિસાઈલના સફળ પરીક્ષણની પ્રશંસા કરી હતી. મે મહિનામાં પાકિસ્તાને ફતેહ-IV ગ્રાઉન્ડ-લૉન્ચ ક્રૂઝ મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું હતું.

# પીએમ શરીફનું ઈમરાન ખાનની પાર્ટીને વાટાઘાટોનું આમંત્રણ

**શહેબાઝ** શરીફે લાંબી માર્ચને રદ કરવા અપીલ કરી

ઈસ્લામાબાદ, તા. 6 (PTI): વડા પ્રધાન શહેબાઝ શરીફે મંગળવારે વિપક્ષી પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (પીટીઆઈ)ને વાટાઘાટો દ્વારા વિવાદાસ્પદ મુદ્દાઓ ઉકેલવા માટે આમંત્રણ આપ્યું હતું, તેમ જ જેલમાં બંધ ભૂતપૂર્વ વડા પ્રધાન ઈમરાન ખાન દ્વારા સ્થાપિત આ પાર્ટીને ઈસ્લામાબાદ તરફની તેની લાંબી માર્ચ રદ કરવા વિનંતી કરી હતી.

પીટીઆઈ દ્વારા ખૈબર પખ્તુનખ્વાના લક્કી મરવત શહેરમાંથી લાંબી કૂચ શરૂ કર્યાના બે દિવસ પછી શરીફે આ વાટાઘાટોનું આહ્વાન કર્યું હતું, જેનો હેતુ ખાનને મુક્ત કરવા સરકાર પર દબાણ લાવવા માટે આગામી દિવસોમાં રાષ્ટ્રીય રાજધાની પહોંચીને ધરણાં કરવાનો છે.

ઈસ્લામાબાદમાં એક જનમેદનીને સંબોધતાં વડા પ્રધાને જણાવ્યું હતું કે, રાજકીય મુદ્દાઓને વાટાઘાટો દ્વારા ઉકેલવાના પ્રયાસો છતાં કમનસીબે લાંબી કૂચના ભયાનક પડછાયાઓ ફરીથી આગળ વધી રહ્યા છે.

રાજકીય મતભેદોનો શાંતિપૂર્ણ ઉકેલ શોધવા માટે ખાનની પાર્ટીએ સરકાર અને તેના સહયોગી, રાષ્ટ્રપતિ આસિફ અલી ઝરદારીની પાકિસ્તાન પીપલ્સ પાર્ટી (પીપીપી)ના પ્રતિનિધિઓ સાથે સતત બે દિવસ સુધી વાટાઘાટો યોજી હતી.

શરીફે ઉમેર્યું હતું કે, "કમનસીબે, તેમ ન થયું. તેઓ (પીટીઆઈ) માત્ર એક જ હેતુ ધરાવતા હતા: વાટાઘાટો સફળ ન થાય તેની ખાતરી કરવી." અને વધુમાં જણાવ્યું કે વિપક્ષી પાર્ટીએ વાટાઘાટો દરમિયાન અગાઉથી નક્કી થયેલી બાબતોમાં ફેરફાર કરવાની માંગણી કરી હતી.

અગાઉ, બંને પક્ષો વચ્ચે વાટાઘાટોનો બીજો દોર શનિવારે બપોરે શરૂ થયો હતો અને તે આખી રાત ચાલ્યો હતો.

જોકે, રવિવારની વહેલી સવારે એવું જાહેર કરવામાં આવ્યું હતું કે, ઓગસ્ટ 2023થી જેલમાં બંધ ઈમરાન ખાન સાથે મુલાકાત કરવાના મુદ્દે વાટાઘાટો નિષ્ફળ ગઈ છે.